પગાર સુધારણા અને તેને આનુષાંગિક
બાબતો પર વિચારણા કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૯- ૩૪ -પગાર એકમ (મ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 19 SEP 2009

વંચાણે લીધાઃ-
(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૮-૧-પ.એ.(મ) તા. ૪-૪-૨૦૦૮
(૨) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૮-૨-પ.એ.(મ) તા. ૮-૫-૨૦૦૮
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૧-પ.એ.(મ) તા. ૧૨-૨-૨૦૦૯
(૪) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮) પગર-૧૦૦૯-૨-પ.એ.(મ), તા. ૨૭-૨-૨૦૦૯
(૫) નાણા વિભાગના તા. ૨૭-૨-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃપગર-૧૦૦૯-૬/૭/૧૨-પ.એ.(મ)

પ રિ પ ત્ર

આમુખમાં ક્રમ-(૧) સામે દર્શાવેલ ઠરાવથી કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણો ધ્યાનમાં લઇ રાજ્ય સરકારના કર્મચારીઓને પગાર સુધારણા- ભથ્થાંનો લાભ આપવાની વિચારણા માટે મંત્રીમંડળની સમિતિની રચના કરવામાં આવેલ હતી. આથી પગાર પંચના કાર્યક્ષેત્રમાં આવતી પગાર સુધારણા-ભથ્થાં, જગ્યાઓ અપગ્રેડ કરવી, હોદ્દાની પુનઃ રચના-નામાભિધાનમાં ફેરફાર કરવા વિગેરે બાબતો પર કોઇપણ કક્ષાએ વિચારણા-કાર્યવાહી ન કરવાનો નિર્ણય નાણા વિભાગના તા. ૮-૫-૨૦૦૮ ના પરિપત્રથી લેવામાં આવેલ હતો.

૨. હવે રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણો પરત્વે ભારત સરકાર દ્વારા બહાર પાડેલ આદેશો ધ્યાનમાં લઇ તા. ૧-૧-૨૦૦૬ થી પગાર-પેન્શન, ભથ્થાની સુધારણા કરી તા. ૧-૪-૨૦૦૯ ની અસરથી તેનો અમલ કરતો નિર્ણય નાણા વિભાગના તા. ૧૨-૨-૨૦૦૯ ના ઠરાવ અને તા. ૨૭-૨-૨૦૦૯ ના જાહેરનામાથી લેવામાં આવેલ છે. આમ પગાર પંચની ભલામણોનો રાજ્ય સરકારે જરૂરી ફેરફાર કરી મહદ્‌અંશે અમલ કરેલ છે.

D:\SRUTI-MD\જી.જે. એમ. લેટર.doc9/5/2009

આથી નીચે દર્શાવેલ સેવાકીય બાબતો અંગે સચિવાલયના વહીવટી વિભાગોને મળતી રજુઆતો ચકાસીને જરૂર જણાય સ્પષ્ટ અભિપ્રાય દર્શાવી સચિવશ્રી કક્ષાએ અનુમતી મેળવીને સ્વયંસ્પષ્ટ દરખાસ્ત આ વિભાગને મોકલવામાં આવશે તો તેના પર વિચારણા કરી સરકાર સમક્ષ નિર્ણય અર્થે રજુ કરી શકાશે.

(૧) કોઇપણ અર્થમાં પગાર સુધારણા.
(૨) વિવિધ ભથ્થાંઓમાં સુધારા - વધારા.
(૩) હોદ્દાની પુનઃ રચના- નામાભિધાન- પુનઃ વર્ગીકરણ.
(૪) જગ્યાઓ અપગ્રેડ કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.બી. દરજી )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો./સર્વે ખાતાના વડાઓ/ સર્વે કચેરીઓના વડાઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિગમ લિ. ગાંધીનગર/વડોદરા.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- સર્વે માન્ય કર્મચારી મંડળો.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબસાઇટ પર મુકવા સારૂ. — શ્રી જગદીશભાઈ
- <u>પસંદગી ફાઇલ, પ. એ., મ-શાખા, ચ-શાખા</u>
- પત્ર દ્વારા.

D:\SRUTI-MD\જી.જે. એસ. લેટર.doc9/5/2009